# પરીપત્ર

ડિજિટલ ગુજરાત પોર્ટલ

નં.ના.નિ.અજાક./ ૨૯૦૯/ ૨૦૨૧-૨૨
નાયબ નિયામક અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી,
સી-૬ બહુમાળી મકાન, નાનપુરા, સુરત.
ફોન નંબર : ૦૨૬૧ - ૨૪૬૪૪૩૦
તા. ૦૧/૦૯/૨૦૨૧

પ્રતિ,
આચાર્યશ્રી,
..તમામ....શાળાઓ:
........................................
........................................

વિષય:- Digital Gujarat Portal પર ભારત સરકારશ્રીની પ્રિમેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાઓના અમલ બાબત (વર્ષ ૨૦૨૧-૨૨)
**(Website: https://www.digitalgujarat.gov.in)**

સવિનય ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે રાજ્ય સરકાર/ભારત સરકારશ્રીની યોજનાઓ અંતર્ગત લાભાર્થી/વિદ્યાર્થીઓને શિષ્યવૃતિ/સહાયનો લાભ સીધા તેઓના બેંક ખાતામાં એક જ જગ્યાએથી ડાયરેકટ બેનીફીટ ટ્રાન્સફર (D.B.T.)થી ચુકવી શકાય તે હેતુ થી રાજ્ય સરકારશ્રી દ્વારા **Digital Gujarat Portal** ડેવલોપ કરવામાં આવેલ છે. શાળાના આચાર્યશ્રીઓના સહકારથી ઉક્ત પોર્ટલ મારફત વિદ્યાર્થીઓની ઓનલાઇન દરખાસ્તો મંગાવી શિષ્યવૃતિ/ગણવેશ સહાય / સાયકલ સહાય યોજનાની કામગીરી કરવામાં આવે છે.

**Digital Gujarat Portal** પર વર્ષ:૨૦૨૧-૨૨ માટે અત્રેના ખાતાની પ્રિમેટ્રીક શિષ્યવૃત્તિ યોજના અમલ માટે અગાઉ અત્રેની કચેરીના તા: ૦૭/૦૬/૨૦૨૧ના પત્રથી આ સાથેના પત્રક-અમાં દર્શાવેલ ક્રમનં:૧ થી ૪ મુજબની શિષ્યવૃત્તિ/ગણવેશ સહાય/સાયકલ સહાય યોજનાના અમલ માટે જરૂરી સૂચનાઓ આપવામાં આવેલ હતી તેમજ જણાવવામાં આવેલ હતુ કે કેંદ્ર સરકારશ્રીની બે પ્રિમેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાઓ અનુક્રમે (૧) "BCK-4 Scholarship for Those Engaged in Cleaning and Prone to Health Hazards Occupation" તથા (૨) "BCK-35 (239) PreMatric Scholarship for SC Students (GoI) (Std: 9-10)" માં ફેરફાર થાય તેમ હોય અમુક સમય બાદ ઓનલાઇન કરવામાં આવશે.

કેંદ્ર સરકારશ્રી દ્વારા ઉક્ત બન્ને યોજનાઓને અગાઉના ધોરણે ચલાવવા સૂચના આપેલ છે. જેથી ઉક્ત બન્ને યોજનાઓ અંતર્ગત આપની શાળાની નિયમોનુસાર ઓનલાઇન પ્રપોઝલ બનાવી ઓનલાઇન મોકલી આપવા જણાવવામાં આવે છે. વધુમાં અગાઉના અત્રેની કચેરીના

તા:૦૭/૦૬/૨૦૨૧ના પત્રથી શિષ્યવૃત્તિની કામગીરી માટે જે અન્ય સૂચનાઓ આપવામાં આવેલ હતી તે ધ્યાને લઇ ઉક્ત બન્ને યોજનાની કામગીરી કરવાની રહેશે.

અગાઉના વર્ષોમાં ભારત સરકારશ્રીની ઉક્ત બન્ને યોજનાઓ અંતર્ગત વિદ્યાર્થીઓના ફોર્મ ભરાવી આનુષાંગિક ડોક્યુમેન્ટસ સહિતનું ફોર્મ આચાર્યશ્રી કક્ષાએ રાખી શિષ્યવૃત્તિ યોજનાની ઓનલાઇન અમલવારી કરવામાં આવતી હતી પરંતુ વર્ષ:૨૦૨૧-૨૨થી ભારત સરકારશ્રીની ઉક્ત બન્ને પ્રિમેટ્રીક શિષ્યવૃત્તિ યોજના અંતર્ગત જરૂરી આનુષાંગિક પુરાવા અપલોડ કરવાના રહેશે. જેમ કે "BCK-4 Scholarship for Those Engaged in Cleaning and Prone to Health Hazards Occupation" યોજનામાં વાલીના વ્યવસાય બાબતનું પ્રમાણપત્ર, દિવ્યાંગના કિસ્સામાં દિવ્યાગનું પ્રમાણપત્ર અપલોડ કરવાનું રહેશે. જ્યારે "BCK-35 (239) PreMatric Scholarship for SC Students (GoI) (Std: 9-10)" યોજનામાં જાતિનો દાખલો/જાતિ પુરવાર કરતો કોઇ આધાર, આવકનો દાખલો, દિવ્યાંગના કિસ્સામાં દિવ્યાગનું પ્રમાણપત્ર આચાર્યશ્રીએ અપલોડ કરવાનું રહેશે.

આમ ઉક્ત વિગતો ધ્યાને લઇ અત્રેના ખાતાની કેંદ્ર સરકારશ્રીની ઉક્ત બન્ને શિષ્યવૃત્તિ યોજનાઓની પ્રપોઝલ બનવાની શરૂ થઇ ગયેલ હોયય તાત્કાલિક પ્રપોઝલ બનાવી મોકલી આપવા વિનંતી છે.

નાયબ નિયામક
અનુસુચિત જાતિ કલ્યાણ
સુરત

બિડાણ:

જા.નં/મા-૨/૨૦૨૧/ 13060

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
જિલ્લા સેવા સદન-૨, બી-૩
અઠવાલાઇન્સ, સુરત.
તા.૧૩/૦૯/૨૦૨૧
15

પ્રતિ,
આચાર્યશ્રી,
સુરત શહેર અને જિલ્લાની તમામ સરકારી/ગ્રાન્ટેડ/નોન ગ્રાન્ટેડ પ્રાથમિક/માધ્યમિક શાળાઓ.

૨/-જાણ તથા અમલ થવા સારું.

જિલ્લાશિક્ષણાધિકારી
સુરત, જિલ્લા-સુરત

| ક્રમ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
|---|---|---|---|---|---|---|
| | BCK- Schol (Std: (Std: | BCK Most Amo (Std: BCK- | BCK-1 Assist | BCK-6 Schedu Studen (Saras | BCK-4 Those and P Hazar 1 to 8 | BCK- Schol Stude |

| વર્ષ: ૨૦૨૧-૨૨માં Digital Gujarat Portal મારફત Online કરવાની થતી પ્રિમેટ્રીક શિષ્યવૃતિ/ગણવેશ સહાય/સાયકલ સહાય યોજનાઓની વિગત (પત્રક-અ)<br>સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગુજરાત રાજ્ય<br>નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગુ.રા.ગાંધીનગર | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ક્રમ | યોજનાનુ નામ | જાતિ | ધોરણ | કુમાર કન્યા | શિષ્યવૃતિ દર / સહાય (વાર્ષિક) | વાર્ષિક આવક મર્યાદા | શાળાઓની વિગતો |
| ૧ | BCK-2/71 PreMatric Scholarship For SC (Std: 1 to 8) & (Std: 9 to 10) | SC (અનુસૂચિત જાતિ) | ધો.૧ થી ૫ | કુમાર/ કન્યા | રૂ.૫૦૦/- | આવક મર્યાદા નથી | સરકારી તથા ખાનગી તથા અનુદાનિત શાળાઓ/ આશ્રમશાળાઓ |
| | | | ધો. ૬ થી ૮ | કુમાર | રૂ.૫૦૦/- | | |
| | | | ધો. ૬ થી ૮ | કન્યા | રૂ.૭૫૦/- | | |
| | | | ધો. ૯ થી ૧૦ | કુમાર/ કન્યા | રૂ.૭૫૦/- | | |
| ૨ | BCK-17 Scholarship for Most Backword Class Among SC Students (Std: 1 to 8) & BCK-17A : (Std: 9 to 10) | SC (માત્ર અનુસૂચિત જાતિ પૈકી અતિપછાત જાતિ) | ધો ૧ થી ૮ | કુમાર/ કન્યા | રૂ.૭૫૦/- | આવક મર્યાદા નથી | સરકારી તથા ખાનગી તથા અનુદાનિત શાળાઓ / આશ્રમશાળાઓ |
| | | | ધો ૯ થી ૧૦ | કુમાર/ કન્યા | રૂ.૧૦૦૦/- | | |
| ૩ | BCK-16 Uniform Assistance | SC (તમામ અનુસૂચિત જાતિ) | ધો ૧ થી ૮ | કુમાર/ કન્યા | રૂ.૬૦૦/- | આવક મર્યાદા નથી | સરકારી તથા ખાનગી તથા અનુદાનિત શાળાઓ / આશ્રમશાળાઓ |
| ૪ | BCK-6 Free Cycle Scheme for Scheduled Caste Girls Students studying in Std:9 (Saraswati Sadhana Yojana) | SC (તમામ અનુસૂચિત જાતિ) | ધો: ૯ | માત્ર કન્યા | મફત સાયકલ સહાય | શહેરી વિસ્તાર: રૂ. ૧.૫૦ લાખ<br>ગ્રામ્ય વિસ્તાર: રૂ. ૧.૨૦ લાખ | સરકારી તથા ખાનગી તથા અનુદાનિત માધ્યમિક શાળાઓ |
| ૫ | BCK-4 Scholarship for Those Engaged in Cleaning and Prone to Health Hazards Occupation (Std: 1 to 8) & (Std: 9 to 10) | અસ્વચ્છ વ્યવસાયમાં રોકાયેલ વાલીના બાળકો | ધો ૧ થી ૧૦ | કુમાર/કન્યા | (ધો:3 થી ૧૦) હોસ્ટેલરને રૂ.૮૦૦૦/-<br>(ધો: ૧ થી ૧૦) ડેસ્કોલરને રૂ.૩૦૦૦/- | આવક મર્યાદા નથી | સરકારી તથા ખાનગી તથા અનુદાનિત શાળાઓ / આશ્રમશાળાઓ |
| ૬ | BCK-35 (239) PreMatric Scholarship for SC Students (GoI) (Std: 9-10) | SC (તમામ અનુસૂચિત જાતિ) | ધો-૯ થી ૧૦ | કુમાર/કન્યા | હોસ્ટેલરને રૂ.૬૨૫૦/-<br>ડેસ્કોલરને રૂ.૩૦૦૦/- | આવક મર્યાદા રૂ.૨,૫૦,૦૦૦/- | સરકારી તથા ખાનગી તથા અનુદાનિત શાળાઓ / આશ્રમશાળાઓ |